અપીલ અરજી નં.૧૧તા.૮–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી પટેલ કિશોરભાઈ ઠાકોરભાઈ
સામાવાળાઃ એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લિંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ કિશોરભાઈ ઠાકોરભાઈની તા.૨૧–૨–૦૯ ની અરજીથી લાઈટખાતામાં ડીફેકટ લાયાબીલીટી સમય મર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ કયા ઈજારાદારને કયા કામના, કેટલી સુમનપા ફાઈનલ બીલના ચુકવણું કરવાનું બાકી છે? તેમ પરત આપવા જોગ કેટલી સીકયુરીટી ડીપોઝીટ પરત આપવાની બાકી છે? ઉપરના ઈજારાદારને પેમેન્ટ ચૂકાવવાના બાકી રાખી તે બાદ ચૂકવવા પાત્ર થતાં કયા ઈજારાદારના કયા કામના ફાઈનલ બીલના પેમેન્ટ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૮–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૧/૨૦૦૯–૧૦

શ્રી પટેલ કિશોરભાઈ ઠાકોરભાઈની તા.૨૧–૨–૦૯ ની અરજીથી લાઈટખાતામાં ડીફેકટલાયાબીલીટી સમય મર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ કયા ઈજારાદારને કયા કામના, કેટલી સુમનપા ફાઈનલ બીલના ચુકવણું કરવાનું બાકી છે? તેમ પરત આપવા જોગ કેટલી સીકયુરીટી ડીપોઝીટ પરત આપવાની બાકી છે? ઉપરના ઈજારાદારને પેમેન્ટ ચૂકાવવાના બાકી રાખી તે બાદ ચૂકવવા પાત્ર થતાં કયા ઈજારાદારના કયા કામના ફાઈનલ બીલના પેમેન્ટ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે અધૂરી માહિતી મળ્યાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોયતો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્રનં. આરટીઆઈ સેલ/ ૬૫ તા.૨૧–૪–૦૯થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લિંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ તેઓ તરફથી પત્રનં. સા.ઈ.ઝોન/ મહેકમ/ આ.નં.૨૧૩ તા.૨૮–૪–૦૯થી પૂરક માહિતી અત્રેના વિભાગને પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૨૧–૨–૦૯ની અરજીથી લાઈટખાતામાં ડીફેકટ લાયાબીલીટી સમય મર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ કયા ઈજારાદારને કયા કામના, કેટલી સુમનપા ફાઈનલ બીલના ચુકવણું કરવાનું બાકી છે? તેમ પરત આપવા જોગ કેટલી સીકયુરીટી ડીપોઝીટ પરત આપવાની બાકી છે? ઉપરના ઈજારાદારને પેમેન્ટ ચૂકાવવાના બાકી રાખી તે બાદ ચૂકવવા પાત્ર થતાં કયા ઈજારાદારના કયા કામના ફાઈનલ બીલના પેમેન્ટ કરવામાં આવેલ જે અંગેની માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેરમાહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૯૫ તા.૩૦–૩–૦૯થી માહિતી આપવામાં આવેલ જેના સંદર્ભે તા.૮–૪–૦૯થી કરેલ અપીલ અરજીમાં પત્ર ધ્વારા આપવામાં આવેલી માહિતી અધૂરી હોય તેમ લાગે છે તો ઘટતી માહિતી પુરી પાડવા રજુઆત કરેલ જે અનુમાનિત હોય તેવુ જણાય છે તેમજ અધૂરી માહિતી અંગે અપીલ તબકકે કોઈ આધાર કે વ્યાજબીપણું સામેલ કરેલ નથી. જાહેરમાહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સા.ઈ.ઝોન/ મહેકમ/ આ.નં.૪૪૩૧ તા.૧૭–૩–૦૯થી અરજદારને માહિતી અંગે દસ્તાવેજ ફી રૂ/– ૪/– ભરવા પત્ર પાઠવવામા આવેલ તેમ છતાં દસ્તાવેજ ફી ભરી માહિતી નહીં મેળવતાં અરજદારને પુનઃ સા.ઈ.ઝોન/ મહેકમ/ આ.નં.૪૫૫૫ તા.૨૬–૩–૦૯થી પત્ર પાઠવવામાં આવેલ અરજદારે રસીદનં.૨૮૯૩ તા.૩૦–૩–૦૯થી રૂ.૪ દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ અને જાહેરમાહિતી અધિકારી સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૯૫ તા.૩૦–૩–૦૯થી અરજદારને મુદ્દાનં.૧ અંગે કામોના ફાઈનલ બીલની ચુકવણી તથા સિકયોરીટી ડિપોઝીટ પરત આપવાની બાકી હોય તેની યાદી તથા મુદ્દાનં.૨ અંગે જેના ફાઈનલ બીલોની ચુકવણી થયેલ હોય તેની અરજદારને પુરી પાડેલ છે જેની અત્રે નકલ રજુ કરેલ છે.આ ઉપરાંત જાહેરમાહિતી અધિકારી કક્ષાએથી અરજદારને તા.૧૮–૪–૦૯ના રોજ બપોરે ૪.૩૦કલાકે લિબાયતઝોનકચેરીના લાઈટ વિભાગ ખાતે ઈસ્પેકશન અંગે હાજર રહેવા પાઠવેલ પત્ર સા.ઈ.ઝોન/મહેકમ/૯૩ તા.૧૩–૪–૦૯થી નકલ અત્રે રજુ કરેલ છે.ત્યારબાદ અરજદાર ઈસ્પેકશનમાં અનઉપસ્થિત રહેલ તેમ છતાં અરજદારને સા.ઈ.ઝોન/મહેકમ/૧૮૫ તા.૨૧–૪–૦૯થી હાજર નહીં રહયાની જાણ તથા જવાબના પત્રક પાનાનં.૧ સામેલ કરી પુનઃ અરજદારને મોકલવામાં આવેલ તદઉપરાંત જાહેરમાહિતી અધિકારીએ અરજદારને તા.૧૭–૩–૦૯ – તા.૨૬–૩–૦૯, તા.૩૦–૩–૦૯,તા.૧૩–૪–૦૯ અને તા.૨૧–૪–૦૯ના પત્રો મોકલ્યા અંગે યુ.પી.સી. કરેલ પુરાવાની નકલો અત્રે પુરી પાડેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. તદઉપરાંત અરજદારને ઈસ્પેકશન પુરૂ પાડવાની તક પણ જાહેરમાહિતી અધિકારી ધ્વારા આપેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.આથી અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લિંબાયતઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કિશોરભાઈ ઠાકોરભાઈ પટેલ સંસ્કારકોલોની, તાડવાડી, રાંદેરરોડ, વેસ્ટઝોન ઓફીસની બાજુમાં, સુરત..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.